તા.૧૪/૦૯/૨૦૨૦

પ્રતિ,
તંત્રીશ્રી,
દૈનિક.....................

# <u>રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી શરૂ  કરવામાં આવનાર "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના"ને આવકારતા મેયર બિનાબેન આચાર્ય.....</u>



મેયર બિનાબેન આચાર્ય એક યાદીમાં જણાવે છે કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્યના ઇતિહાસમાં સૌ પ્રથમવાર ૧૦ લાખ મહિલાઓને શૂન્ય ટકા વ્યાજે લોન ધિરાણ આપવા માટે "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના" શરૂ કરવામાં આવનાર છે. આ યોજના બદલ માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. કોરોના વાયરસની મહામારીમાં અનેક લોકોને આર્થિક રીતે વિકટ સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. રાજ્ય સરકાર

દ્વારા અમલમાં મુકવામાં આવનાર આ યોજના ખૂબ જ સરાહનીય છે. મહિલા જૂથને ૧ લાખ રૂપિયાનું લોન ધિરાણ પ્રાપ્ત થઇ શકશે. આગામી તા.૧૭ સપ્ટેમ્બરના રોજ દેશના માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષગાંઠના દિવસે આ યોજનાનો પ્રારંભ કરવામાં આવશે. આ યોજનાનો લાભ છેવાડાના અંતરિયાળ વિસ્તારોની માતા-બહેનો સુધી મળી રહે તે માટે વધુને વધુ બહેનોના જૂથ બનાવવાના યોજનાના ભાગરૂપે રાજ્ય સરકારશ્રીએ પ્રોત્સાહનો પણ જાહેર કર્યા છે.

કોરોના મહામારી બાદ મહિલાઓ પોતાના ઘર પરિવારનો આર્થિક આધાર બની શકે તથા કોરોના પછીની બદલાયેલી સામાજીક-આર્થિક નવી જીવનશૈલીમાં મહિલાઓ નિર્ણાયક ભૂમિકા ભજવી શકે તેવી રાજ્ય સરકારશ્રીએ નેમ રાખેલી છે.

આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૭૫ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત રાજ્યના ગ્રામીણ ક્ષેત્રમાં ૫૦ હજાર અને શહેરી વિસ્તારમાં ૫૦ હજાર એમ કુલ ૧ લાખ જોઇન્ટ લાયાબિલિટી એન્ડ અર્નિંગ ગ્રુપ-મહિલા જૂથની રચના કરાશે. આવા પ્રત્યેક જૂથમાં ૧૦ મહિલાઓને સહભાગી બનાવીને કુલ ૧૦ લાખ બહેનોને કુલ રૂ.૧ હજાર કરોડ સુધીનું ધિરાણ આ યોજના હેઠળ તબક્કાવાર આપવાનું રાજ્ય સરકારશ્રી દ્વારા આયોજન છે.

(પી.એ.ટુ મેયર)